# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### ગુજરાતના ગૌરવશાળી વારસાના સંરક્ષણ માટે એક કરોડ હસ્તાક્ષરની મહારણભેરી

# કરમસદ નગરને સ્વતંત્ર દરજ્જો અપાવવા વધુ એક લડતના મંડાણ

**રાજા રજવાડા**-સરદાર સન્માન સમિતિ દ્વારા રાજ્યવ્યાપી અભિયાનની જાહેરાત



(પ્રતિનિધિ) આણંદ તા.૩૧

રાજ્યના ઐતિહાસિક વારસા, સામાજિક ન્યાય અને રાજવીઓના સન્માન માટે 'રાજા રજવાડા - સરદાર સન્માન સમિતિ' દ્વારા એક મોટા અભિયાનની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. સમિતિ દ્વારા સમગ્ર ગુજરાતમાં એક કરોડ હસ્તાક્ષર અભિયાન હાથ ધરવામાં આવશે, જેનો મુખ્ય હેતુ સમાજનું સન્માન, અધિકારોની રક્ષા અને ઐતિહાસિક ધરોહરનું જતન કરવાનો છે.

આ અંગે સમિતિના જણાવ્યા અનુસાર, આ અભિયાન માત્ર કોઈ એક ચોક્કસ વિસ્તાર પૂરતું મર્યાદિત નથી, પરંતુ રાજ્યભરના ગામ, તાલુકા, શહેર અને જિલ્લા કક્ષાએ વ્યાપકપણે ચલાવવામાં આવશે. આ અભિયાનમાં સમાજના તમામ વર્ગોના નાગરિકોને જોડવામાં આવશે. એક કરોડ લોકોના હસ્તાક્ષર એકત્રિત કર્યા બાદ, આ વિશાળ લોકમતને આવેદનપત્ર સ્વરૂપે મુખ્યમંત્રીને સોંપવામાં આવશે.

સમિતિના આગેવાનોએ ભારપૂર્વક જણાવ્યું છે કે, આ અભિયાન માત્ર માંગણીઓ પૂરતું મર્યાદિત નથી, પરંતુ તે ગુજરાતના ગૌરવશાળી ઈતિહાસ અને રાજવી વારસા પ્રત્યે લોકોની જાગૃતિ લાવવાનો એક પ્રયાસ છે. આગામી દિવસોમાં આ કાર્યને વેગ આપવા માટે જિલ્લા અને તાલુકા કક્ષાએ ખાસ ટીમોની રચના કરવામાં આવશે અને કન્વીનરોની નિમણૂક કરવામાં આવશે. આ અંગે સમિતિના પ્રવક્તા અલ્પેશ પુરોહિત અને આગેવાન ભગીરથસિંહ પરમાર (લખન દરબાર) દ્વારા રાજ્યના નાગરિકોને સમર્થન આપવા અપીલ કરવામાં આવી છે.

### કયા કયા મુદ્દે માંગણી કરવામાં આવશે ?

**રજવાડા મ્યુઝિયમ:** રાજ્યમાં રજવાડાઓના ઇતિહાસને જીવંત રાખવા માટે તાત્કાલિક મ્યુઝિયમનું નિર્માણ કરવું.

**કરમસદનો દરજ્જો:** સરદાર વલ્લભભાઈ પટેલના વતન કરમસદને સ્વતંત્ર દરજ્જો આપવો.

**ભારત રત્ન:** ભાવનગરના પ્રજાલક્ષી રાજવી મહારાજા કૃષ્ણકુમારસિંહજી ગોહિલ સાહેબને મરણોત્તર 'ભારત રત્ન' એનાયત કરવો.

**આદિવાસીઓને પ્રાથમિકતા:** સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સ્થાનિક આદિવાસી સમાજને નોકરી અને વ્યવસાયમાં પ્રથમ પસંદગી આપવી.

# તારાપુર પાસે નશીલી સિરપની ૫૬૯ બોટલો સાથે બે પકડાયાં

**ખડા**-મણીપુરા ચોકડી પાસે પોલીસે ફિલ્મી ઢબે કાર રોકી પકડી પાડ્યાં



(પ્રતિનિધિ) આણંદ તા.૩૧

આણંદ જિલ્લામાં નશાકારક પદાર્થોના વેચાણ અને હેરાફેરી સામે પોલીસે લાલ આંખ કરી છે. તારાપુર પોલીસ સ્ટેશનની ટીમે બાતમીના આધારે ઓરા ફોર વ્હીલર ગાડીમાં લઈ જવાતો કોડીનયુક્ત નશીલી સિરપનો મોટો જથ્થો ઝડપી પાડી બે શખ્સોની ધરપકડ કરી છે. પોલીસે કુલ રૂ. ૪,૭૩,૭૬૨ નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

આણંદ જિલ્લા પોલીસવડા જી.જી. જસાણીની સૂચના હેઠળ જિલ્લામાં પ્રોહિબિશન અને જામી રહેલા નશાના કારોબારને નાબૂદ કરવા ખાસ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન તારાપુર પોલીસ સબ ઈન્સ્પેક્ટર જે.બી. વાઘેલાને ખાનગી બાતમી મળી હતી કે, મણીપુરા ચોકડી પાસેથી એક સફેદ રંગની ઓરા કારમાં નશીલી દવાઓનો જથ્થો પસાર થનાર છે.

આ બાતમીના આધારે પોલીસ ઈન્સ્પેક્ટર એ.બી. ગોહિલના માર્ગદર્શન હેઠળ પોલીસે મણીપુરા ચોકડી પાસે વોચ ગોઠવી હતી. આ દરમિયાન શંકાસ્પદ કાર આવતા તેને રોકી તલાશી લેતા ગાડીની ડિક્કીમાંથી કેફી ઔષધિ ધરાવતી 'REXTOP TR' કોડીન ફોસ્ફેટ સિરપની કુલ ૫૬૯ બોટલો મળી આવી હતી. આ અંગે પૂછપરછ કરતાં તેઓ કાલુભાઈ રવજીભાઈ ચુડાસમા (ઉં.વ. ૨૯) અને અજુભાઈ જેરામભાઈ ચુડાસમા (ઉં.વ. ૩૯) (બંને રહે. ઝાંખી, તા. ધોલેરા, જિ. અમદાવાદ) હોવાનું જણાવ્યું હતું. તારાપુર પોલીસે તેમની પાસેથી નશીલી સિરપની ૫૬૯ બોટલ કિંમત રૂ. ૫૫,૭૬૨ અને કાર, રોકડ રૂ. આઠ હજાર, મોબાઈલ મળી કુલ રૂ. ૪.૭૩ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. તારાપુર પોલીસે પકડાયેલા બંને શખ્સો વિરુદ્ધ NDPS એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# આણંદ શહેરના ઉત્સવ પાર્ક વિસ્તારમાં પાણીનો કકળાટ

**કરમસદ - આણંદ** મ્યુનિસિપલ કમિશનરને રહીશોએ રજૂઆત કરી

(પ્રતિનિધિ) આણંદ તા.૩૧

આણંદ શહેરના ભાલેજ રોડ પર આવેલ ઉત્સવ પાર્ક, છાપરા વિસ્તાર અને પરિમલ સોસાયટીના રહીશો છેલ્લા ઘણા સમયથી પીવાના પાણીની ગંભીર અછતનો સામનો કરી રહ્યા છે. આ સમસ્યાના કાયમી ઉકેલ માટે રહીશો દ્વારા કરમસદ આણંદ મ્યુનિસિપલ કમિશનરને રજૂઆત કરવામાં આવી છે.

આ અંગે રહીશોની રજૂઆત મુજબ, હાલમાં આ સોસાયટીઓમાં રોયલ પ્લાઝા પાસે આવેલી પાણીની ટાંકીમાંથી પુરવઠો પૂરો પાડવામાં આવે છે. પરંતુ, આ વિસ્તાર પાઈપલાઈનના છેલ્લા છેડે (ટેઈલ એન્ડ) આવેલો હોવાથી રહીશોને પૂરતા દબાણથી પાણી મળતું નથી, જેના કારણે અવારનવાર પાણીની તંગી સર્જાય છે.

હાલમાં સિલ્વર બેકરીથી મુરલીધર કોમ્પ્લેક્ષ સુધી આર.સી.સી. રોડ બનાવવાનું કામ પ્રગતિમાં છે. રહીશોએ વિનંતી કરી છે કે આ નવો રોડ તૈયાર થાય તે પહેલા જ સિંધુ હોલ, ભગતસિંહ સ્ટેચ્યુ પાસેની પાણીની ટાંકીમાંથી નવી પાઈપલાઈનનું કનેક્શન આપી દેવામાં આવે. જો રોડ બન્યા પછી કામગીરી કરવામાં આવશે તો રોડ તોડવાની જરૂરિયાત ઊભી થશે, જેનાથી સરકારી નાણાંનો વ્યય થશે. આ બાબતે રહીશોએ નકલ રવાના કરીને સ્થાનિક સાંસદ, ધારાસભ્ય અને કલેક્ટરનું પણ ધ્યાન દોર્યું છે અને વહેલી તકે કામગીરી શરૂ કરવા માંગ કરી છે.

### વહીવટી તંત્રની 'વહાલા-દવલા'ની નીતિ સામે કર્મચારીઓમાં ઉકળતો ચરુ

# ખેડા : વસ્તી ગણતરીની કામગીરીમાં વ્યાપક અન્યાય કરાતો હોવાનો સૂર

**વર્ષોથી** ફિલ્ડ વર્ક કરતા કર્મીને સતત ઓર્ડર અને માનીતાને વગર લાયકાતે સુપરવિઝનની લહાણી

(પ્રતિનિધિ) નડિયાદ તા.૩૧

ખેડા જિલ્લામાં બૂથ લેવલ ઓફિસર અને વસ્તી ગણતરી જેવી રાષ્ટ્રીય મહત્વની કામગીરીમાં વહીવટી તંત્રની ગંભીર બેદરકારી અને પક્ષપાત સામે આવ્યો છે. તંત્ર દ્વારા ઓર્ડર ઈસ્યુ કરવામાં રાખવામાં આવતી 'વહાલા-દવલા'ની નીતિને કારણે પાયાના સ્તરે કામ કરતા કર્મચારીઓમાં ભારે રોષ અને અસંતોષ જોવા મળી રહ્યો છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, બીએલઓ તરીકે વર્ષોથી ફરજ બજાવતા કર્મચારીઓ વારંવાર રજૂઆત કરવા છતાં તેમના ઓર્ડર કેન્સલ કરવામાં આવતા નથી. જે કર્મચારીઓ નિષ્ઠાપૂર્વક કામ કરી રહ્યા છે, તેમને જ સતત નવા ઓર્ડર આપીને કામના ભારણ હેઠળ દબાવવામાં આવે છે. બીજી તરફ, જેમણે ક્યારેય આવી કામગીરી કરી નથી, તેમને તંત્ર દ્વારા રક્ષણ આપી 'વહાલા-દવલા'ની નીતિ અપનાવવામાં આવી રહી હોવાના આક્ષેપ ઉઠ્યા છે.

સૌથી વધુ વિસંગતતા ફિલ્ડ વર્ક અને સુપરવિઝનની ફાળવણીમાં જોવા મળી છે. કર્મચારીઓનો આક્ષેપ છે કે સતત ફિલ્ડ વર્ક કરનારાઓને જ ફિલ્ડમાં મોકલવામાં આવે છે, જ્યારે વગદાર અને માનીતા લોકોને સુપરવિઝનની કામગીરી સોંપવામાં આવે છે. સુપરવિઝનમાં કામનું ભારણ ઓછું હોય છે અને આર્થિક લાભ વધુ મળતા હોવાથી, તંત્રના અધિકારીઓ કોઈ પણ પ્રકારની લાયકાત કે સિનિયોરિટી જોયા વગર મળતિયાઓને સુપરવિઝનના ઓર્ડર પકડાવી દે છે.

### નિયમોનું ઉલ્લંઘન અને માનસિક ત્રાસ

નિયમ મુજબ કામગીરીની સોંપણી વારાફરતી થવી જોઈએ, પરંતુ અહીં અમુક ચોક્કસ સ્કૂલના સ્ટાફને જ સુપરવિઝનમાં પ્રાધાન્ય આપવામાં આવતું હોવાનું લિસ્ટ જોતા જણાય છે. રાષ્ટ્રીય ફરજ બજાવતા હોવા છતાં, આવી અન્યાયી વ્યવસ્થાને કારણે પ્રામાણિક કર્મચારીઓ માનસિક ત્રાસ અનુભવી રહ્યા છે.

### ઉચ્ચ કક્ષાએ તપાસની માંગ

આ બાબતે ઓર્ડર કરનાર અધિકારીઓએ કોઈ પણ પ્રકારની 'સાઠ-ગાંઠ' કે પક્ષપાત રાખ્યા વગર પારદર્શક રીતે કામગીરીની વહેંચણી કરવી જોઈએ તેવી માંગ પ્રબળ બની છે. આ અન્યાયી ઓર્ડર પ્રક્રિયામાં સુધારો નહીં કરવામાં આવે, તો આક્રોશ ભડકશે.

# નડિયાદનો કુખ્યાત બુટલેગર પાસા હેઠળ જેલમાં ધકેલાયો

**ડિસ્ટ્રીક્ટ** મેજીસ્ટ્રેટના આદેશ મુજબ ભાવનગર જેલમાં ખસેડાયો

(પ્રતિનિધિ) નડિયાદ તા.31

ખેડા જિલ્લા મેજિસ્ટ્રેટ એન. વી. ઉપાધ્યાયે જાહેર શાંતિના ભંગ બદલ નડિયાદના એક રીઢા બુટલેગર વિરુદ્ધ 'પાસા' હેઠળ પગલાં ભરી તેને ભાવનગર જેલના હવાલે કરવાનો હુકમ કર્યો છે.

નડિયાદ તાલુકાના મરીડા ભાગોળ વિસ્તારમાં રહેતા રવિભાઈ ગોપાલભાઈ તળપદા નામનો ઈસમ તેના સાથીદારો સાથે મળીને વિદેશી દારૂ અને બિયરનો ગેરકાયદેસર વેપાર, હેરાફેરી અને વેચાણ જેવી પ્રવૃત્તિઓમાં લિપ્ત હોવાનું બહાર આવ્યું હતું. આ શખ્સ વિરુદ્ધ જિલ્લાના વડતાલ અને નડીઆદ રૂરલ પોલીસ સ્ટેશન ખાતે અગાઉ પણ ગુનાઓ નોંધાયા હતા.

આ આરોપીની ગુનાહિત પ્રવૃત્તિઓ માત્ર કાયદાનું ઉલ્લંઘન જ નહીં, પરંતુ જાહેર સ્વાસ્થ્ય અને સુલેહ-શાંતિ માટે પણ ગંભીર ખતરો હોવાનું જણાયું હતું. આથી, જિલ્લા મેજિસ્ટ્રેટ એન. વી. ઉપાધ્યાય દ્વારા ૨૯મી મે, ૨૦૨૬ના રોજ ગુજરાત અસામાજિક પ્રવૃત્તિ નિવારણ અધિનિયમ (પાસા) હેઠળ તેની અટકાયતનો આદેશ આપવામાં આવ્યો હતો. આ હુકમની કડક અમલવારીના ભાગરૂપે આરોપી રવિ તળપદાની અટકાયત કરી તેને તાત્કાલિક અસરથી ભાવનગર જેલ ખાતે મોકલી આપવામાં આવ્યો છે. જિલ્લા મેજિસ્ટ્રેટની આ કાર્યવાહીથી અસામાજિક તત્વોમાં ફફડાટ વ્યાપી ગયો છે.

# આણંદ જિલ્લામાં મેઘરાજાની ધમાકેદાર એન્ટ્રી થવાના એંધાણ

**આગામી** ૫ દિવસમાં ૫૦ મિમી સુધી વરસાદની આગાહી

(પ્રતિનિધિ) આણંદ તા.૩૧

આણંદ જિલ્લામાં કાળઝાળ ગરમી વચ્ચે હવે મેઘરાજાની પધરામણીના સંકેતો મળી રહ્યા છે. આણંદ કૃષિ યુનિવર્સિટી અને ભારત મૌસમ વિભાગ દ્વારા જાહેર કરવામાં આવેલા સંયુક્ત બુલેટીન મુજબ, જિલ્લામાં આગામી પાંચ દિવસ દરમિયાન હવામાનમાં મોટો પલટો આવવાની શક્યતા છે. ખાસ કરીને ૩મી જૂન દરમિયાન જિલ્લાના છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની આગાહી કરવામાં આવી છે,

આણંદ જિલ્લામાં આગામી પાંચ દિવસ ક્રમશઃ મેઘરાજાનું જોર વધશે. હવામાન વિભાગના આંકડાઓ મુજબ, ૧લી જૂને ૨૦ મિમી, ૨ જૂને ૪૦ મિમી અને ૩ જૂને ૫૦ મિમી જેટલો વરસાદ ખાબકવાની સંભાવના છે. આ દરમિયાન આકાશ મુખ્યત્વે વાદળછાયું રહેશે અને પવનની ગતિ ૧૪ થી ૨૪ કિમી/કલાક રહેવાની શક્યતા છે. જ્યારે તાપમાન અને ભેજનું પ્રમાણ વરસાદી માહોલ વચ્ચે મહત્તમ તાપમાન ૩૮થી ૪૦ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૨૯ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેશે. હવામાં ભેજનું પ્રમાણ ૩૨ થી ૬૫ ટકા રહેવાની શક્યતા છે, જેના કારણે બફારાનો અનુભવ પણ થઈ શકે છે.

પશુપાલકોને ખાસ સૂચના આપવામાં આવી છે કે, પશુઓને ખુલ્લામાં બાંધવાને બદલે સુરક્ષિત શેડમાં રાખવા. ઉનાળાની ગરમીથી બચાવવા પશુઓને દિવસમાં બે થી ત્રણ વખત નવડાવવા અને સવાર-સાંજ ઠંડા પહોરે ખોરાક આપવો.

### ખેડૂતો માટે ખાસ નોંધ

**પાક સુરક્ષા:** આગામી દિવસોમાં વરસાદની શક્યતા હોવાથી કાપણી કે લણણી કરેલ પાકને તાત્કાલિક સુરક્ષિત જગ્યાએ ખસેડવો અથવા તાડપત્રી/પ્લાસ્ટિકથી ઢાંકી દેવો.

**બાગાયતી ખેતી:** વધુ ઝડપી પવનથી બચવા કેળ અને અન્ય ફળપાકોને લાકડા કે વાંસના ટેકા આપવા.

**દવા છંટકાવ:** ઉભા પાકમાં રોગ-જીવાત માટે દવાનો છંટકાવ માત્ર ખુલ્લા હવામાનમાં જ કરવો.

# કપડવંજ GIDCમાં રાષ્ટ્રીય પક્ષી મોરનું કરુણ મોત

**વીજ ડીપી** નજીકથી મોરનો મૃતદેહ મળતાં વીજ કરંટ લાગ્યો હોવાની આશંકા

(પ્રતિનિધિ) કપડવંજ તા.૩૧

કપડવંજ શહેરના જીઆઈડીસી વિસ્તારમાં વીજ ડીપી પાસે રાષ્ટ્રીય પક્ષી મોર મૃત હાલતમાં મળી આવતા સ્થાનિક રહીશોમાં ભારે અરેરાટી સાથે ચકચાર મચી ગઈ છે. ઘટનાની જાણ થતા જ વન વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને મોરના મૃતદેહનો કબજો મેળવીને કાયદેસરની તપાસનો ધમધમાટ તેજ કર્યો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, કપડવંજ જીઆઈડીસી વિસ્તારમાં એક વીજ ડીપી નજીક રાષ્ટ્રીય પક્ષી મોરનો મૃતદેહ પડ્યો હોવાનું સ્થાનિકોના ધ્યાને આવ્યું હતું. રાષ્ટ્રીય પક્ષીના મોતના સમાચાર વાયુવેગે પ્રસરતા લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. સ્થાનિકો દ્વારા આ અંગે તાત્કાલિક વન વિભાગને જાણ કરવામાં આવતા વનકર્મીઓ સત્વરે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને મૃત મોરનો કબજો સંભાળ્યો હતો.

વન વિભાગની પ્રાથમિક તપાસમાં એવી શક્યતા દર્શાવવામાં આવી છે કે મોરનું મોત વીજ કરંટ લાગવાને કારણે થયું હોઈ શકે છે. જોકે, વન વિભાગે આ ઘટનાને અત્યંત ગંભીરતાથી લીધી છે અને સર્વાંગી તપાસ હાથ ધરી છે. મોરના મૃતદેહને હાલ પોસ્ટમોર્ટમ માટે મોકલી આપવામાં આવ્યો છે. વન વિભાગના જણાવ્યા અનુસાર, પોસ્ટમોર્ટમ રિપોર્ટ આવ્યા બાદ જ મોરના મૃત્યુનું ચોક્કસ કારણ જાણી શકાશે.

# લુણાવાડા : મંદિરમાં મુગટ સહિત ₹ ૧.૩૫ લાખની મત્તાની ચોરી

**પટ્ટણ ગામમાં** ચામુંડા માતાજીના ગર્ભગૃહના તાળાં તોડી ૫૫ ચાંદીના છતર અને બે મુગટની લૂંટ ઉઠાવી ગયાં

(પ્રતિનિધિ) લુણાવાડા તા.૩૧

મહીસાગર જિલ્લાના લુણાવાડા તાલુકાના પટ્ટણ ગામે આવેલ માછી સમાજના આશરે ૧૦૦ વર્ષ જૂના અને બાવન ગામના કુળદેવી શ્રી ચામુંડા માતાજીના મંદિરમાં તસ્કરોએ રાત્રિના અંધકારનો લાભ લઈ રૂ. ૧.૩૫ લાખના મુદ્દામાલની ચોરી કરી હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. આ આસ્થાના કેન્દ્ર પર થયેલી તસ્કરીને પગલે સ્થાનિકો અને શ્રદ્ધાળુઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

મળતી વિગતો મુજબ, ગત ૨૩મી મેના રોજ મંદિરના પૂજારી ભાવિકભાઈ ભટ્ટ સાડા સાત વાગ્યે પૂજા-આરતી સંપન્ન કરી મંદિરને તાળું મારીને ગયા હતા. બીજા દિવસે સવારે જ્યારે પૂજારી અને સરપંચના ભત્રીજા રાજેશભાઈ માછી મંદિરે પહોંચ્યા ત્યારે દરવાજાના તાળાં તૂટેલી હાલતમાં જોવા મળ્યા હતા. આ અંગેની જાણ થતા જ ગામના અગ્રણીઓ અને માછી સમાજના આગેવાનો તાત્કાલિક સ્થળ પર દોડી આવ્યા હતા.

તપાસ દરમિયાન માલૂમ પડ્યું હતું કે, તસ્કરોએ મંદિરના ગર્ભગૃહમાં પ્રવેશી લોખંડની તિજોરી પર મૂકેલી પેટીમાંથી માતાજીના આશરે ૫૫ નંગ ચાંદીના નાના-મોટા છતર (ઝુમ્મર) જેની કિંમત અંદાજે ૮૦ હજાર છે, તેની ચોરી કરી હતી. આ ઉપરાંત, માતાજીના શિરે ચઢાવેલા બે નંગ ચાંદીના મુગટ (કિંમત ૨૫ હજાર) અને દાનપેટી તોડીને તેમાંથી આશરે ૨૮ હજારની રોકડ રકમની પણ લૂંટ ચલાવી હતી.

આ શાતિર તસ્કરોએ પોતાની ઓળખ છુપાવવા અને ચોરીના પુરાવા નાબૂદ કરવાના ઈરાદે મંદિરમાં લગાવેલ સીસીટીવી કેમેરાનું DVR પણ ચોરી ગયા હતા. આ બનાવ અંગે પટ્ટણ ગામના સરપંચ મોતીભાઈ મથુરભાઈ માછીએ લુણાવાડા પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી તસ્કરોને પકડવા માટેના ચક્રો ગતિમાન કર્યા છે.

# ફિઝિયોથેરાપીના પાંચ ક્રાંતિકારી સ્ટાર્ટઅપ્સને ૬.૭૭ લાખની સહાય

**પાર્કિન્સનથી લઈને** સ્નાયુઓની શક્તિ માપવા સુધીના પડકારો માટે વિદ્યાર્થીઓએ શોધ્યા 'સ્માર્ટ' ઉકેલો



(પ્રતિનિધિ) આણંદ તા.૩૧

વલ્લભ વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટી હવે માત્ર શિક્ષણ જ નહીં, પરંતુ આરોગ્ય ક્ષેત્રે ક્રાંતિકારી ટેક્નોલોજી વિકસાવવાનું કેન્દ્ર બની રહી છે. યુનિવર્સિટીના એસપીયુ - એસએસઆઈપી - નવાધારા એકમ દ્વારા કુલપતિ પ્રોફ. ડો. નિરંજન પી. પટેલના માર્ગદર્શન હેઠળ તાજેતરમાં એક વિશેષ સ્ટાર્ટઅપ પિચિંગ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં બી.જી. પટેલ કોલેજ ઓફ ફિઝિયોથેરાપીના વિદ્યાર્થીઓ, પૂર્વ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોએ રજૂ કરેલા ૮ હેલ્થ-ટેક પ્રોજેક્ટ્સમાંથી પાંચ પ્રોજેક્ટ્સને કુલ રૂ. ૬,૭૭,૬૦૦ની આર્થિક સહાય મંજૂર કરવામાં આવી છે.

આ અંગે નિષ્ણાત સમિતિ સમક્ષ રજૂ થયેલા આ પ્રોજેક્ટ્સમાં ટેક્નોલોજી અને ફિઝિયોથેરાપીનો અદભૂત સમન્વય જોવા મળ્યો હતો. ખાસ કરીને, સ્નાયુઓની શક્તિનું વધુ ચોક્કસ, વૈજ્ઞાનિક અને માપનીય મૂલ્યાંકન કરવા માટે વિકસાવવામાં આવેલ ક્વોન્ટએમએમટી પ્રોજેક્ટ વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. આ સાધન દ્વારા દર્દીની સારવાર દરમિયાન થતા સુધારાનું નિષ્પક્ષ મૂલ્યાંકન શક્ય બનશે, જે ફિઝિયોથેરાપી ક્ષેત્રમાં આશીર્વાદરૂપ સાબિત થઈ શકે છે. આ સાથે જ, બૌદ્ધિક સંપત્તિ અધિકાર માટે પણ ૪ અરજીઓને સમિતિ દ્વારા આગળની પ્રક્રિયા માટે મંજૂરી આપવામાં આવી છે.

### દર્દીઓની સારવાર સરળ બનાવશે

**પાર્કીક્યુ :** પાર્કિન્સન રોગથી પીડિત દર્દીઓ માટે વિશેષ સહાયક ઉકેલ.

**સેન્સફૂટ :** દર્દીઓની સંવેદનશક્તિનું સચોટ મૂલ્યાંકન કરતું સાધન.

**લ્યુમિસ્ટ્રાઇડ :** ચાલવાની ક્ષમતામાં સુધારો લાવવાની ટેકનિક.

**ગાયરો બેલેન્સ બોર્ડ :** વાઇ-ફાઇ અને બાયોફીડબેક આધારિત બેલેન્સિંગ સિસ્ટમ.

**ક્વોન્ટએમએમટી :** સ્નાયુઓની શક્તિના ચોક્કસ માપન માટેનું વૈજ્ઞાનિક સાધન.


ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
|---|---|
| જય એન્ટરપ્રાઈઝ | ઈશાન ન્યુઝ પેપર એજન્સી |
| કિશોર પ્લાઝા, | સાગર ભુવન, ડભાણ |
| આણંદ. | ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો

મો. 99250 30225, મો. 99255 50225